દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શુક્રવાર ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫

# અમેરિકી કંપનીઓને ચીનનું ધિરાણ: ચીનનું ખંધાપણુ ફરી એકવાર પુરવાર થયું

વર્ષોથી અમેરિકા અન્યો દેશોને ચીનના ધિરાણની જાળમાં નહીં ફસાવા સમજાવતું આવ્યું છે. ચીનના રોડ એન્ડ બેલ્ટ પ્રોજેક્ટમાં પણ જોડાતા દેશો ચીનના દેવાની જાળામાં ફસાઇ જશે એ પ્રકારનો અમેરિકી અધિકારીઓનો સૂર રહ્યો છે અને તેમાં કંઇક તથ્ય પણ છે. ચીની સરકારી બેંકો પાસેથી ધિરાણ નહીં લેવા માટે પણ અમેરિકા ચેતવણી આપતું આવ્યું છે, જે બેંકો ચીનને સુપર પાવર તરીકે ઉભરવામાં મદદ કરી રહી છે. પરંતુ હાલના એક અહેવાલ એક વિધિની વક્રતા છતી કરી છે અને તે એ છે કે અમેરિકાએ જ ચીની બેંકો પાસેથી સૌથી વધુ લોનો લીધી છે. અને અમેરિકા પર તેની સુરક્ષાલક્ષી અને ટેકલોજીકલ અસરો કેટલી અને કેવી થઇ છે તે તો હજી સુધી સમજી શકાયું જ નથી.

અહેવાલ મુજબ ચીનના સરકારી ધિરાણકર્તાઓએ પચાસ વર્ષ સુધી અમેરિકી વ્યવસાયોમાં 200 બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે, પરંતુ ઘણી લોન ગુપ્ત રાખવામાં આવી છે કારણ કે નાણાં પહેલા કેમેન આઇલેન્ડ્સ, બર્મુડા, ડેલવેર અને અન્યત્ર શેલ કંપનીઓ દ્વારા મોકલવામાં આવ્યા હતા જેણે તેમના મૂળને છુપાવવામાં મદદ કરી હતી, વર્જિનિયાની કોલેજ ઓફ વિલિયમ એન્ડ મેરી ખાતે સંશોધન પ્રયોગશાળા એઇડડેટાનો અહેવાલ આ જણાવે છે. વધુ ચિંતાજનક વાત એ છે કે મોટાભાગનું ધિરાણ ચીની કંપનીઓને અમેરિકી વ્યવસાયોમાં હિસ્સો ખરીદવામાં મદદ કરવા માટે હતું, જેમાં ઘણી કંપનીઓ રોબોટિક્સ નિર્માતા, સેમિકન્ડક્ટર કંપની અને બાયોટેક ફર્મ સહિત મહત્વપૂર્ણ ટેકનોલોજી અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલી હતી. અહેવાલમાં અગાઉ વિચાર્યા કરતા ઘણું વ્યાપક અને વ્યવસ્થિત ધિરાણ નેટવર્ક જોવા મળ્યું - વિકાસશીલ દેશોથી આગળ યુકે, જર્મની, ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ અને અમેરિકાના અન્ય સાથી દેશો સહિત સમૃદ્ધ દેશો સુધી ચીની ધિરાણનું નેટવર્ક વિસ્તરેલું છે. અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે ચીન ગરીબ અને વિકાસશીલ દેશોને જ પોતાની ધિરાણની જાળમાં ફસાવે છે પરંતુ આ હેવાલે કઠોર વાસ્તવિકતા છતી કરી દીધી છે અને તે એ કે ચીને પોતાના ધિરાણોની માયાજાળ વિકસીત દેશોમાં પણ ફેલાવી છે. ચીન ચેસ રમી રહ્યું હતું જ્યારે બાકીના લોકો ચેકર્સ રમી રહ્યા હતા એમ વ્હાઇટ હાઉસના ભૂતપૂર્વ રોકાણ સલાહકાર વિલિયમ હેનાગને જણાવ્યું હતું, જેમને ચિંતા છે કે છુપાયેલા ધિરાણથી ચીનને ટેકનોલોજી પર દબદબો મળ્યો છે. તમે અર્થતંત્ર ચલાવવા માટે મહત્વપૂર્ણ ઉત્પાદનોને નિયંત્રિત કરી શકો છો કે નહીં તેના આધારે યુદ્ધો જીતશો કે હારી જશો એમ તેઓ કહે છે જ્યારે અમેરિકા હજુ પણ મોટાભાગના વિદેશી રોકાણનું સ્વાગત કરે છે - અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેને આકર્ષિત કર્યું છે - ત્યારે ચીનના નાણાં ખાસ કરીને તપાસનો વિષય બન્યા છે કારણ કે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વૈશ્વિક સર્વોચ્ચતા માટે સામસામે લડી રહી છે અને તે જ સમયે ચીન અમેરિકી કંપનીઓમાં ભંડોળ ઠાલવી રહ્યું છે.

ચીનની સરકારી માલિકીની બેંકો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા સોદા, જેમનો AidData રિપોર્ટમાં અભ્યાસ કરવામાં આવ્યો છે, તે ખાસ કરીને સમસ્યારૂપ છે. ધીરાણકર્તાઓ ચીનની કેન્દ્ર સરકાર અને કોમ્યુનિસ્ટ પાર્ટીના સેન્ટ્રલ ફાઇનાન્શિયલ કમિશન દ્વારા નિયંત્રિત છે, અને તેઓ ચીનના વ્યૂહાત્મક લક્ષ્યોને આગળ વધારવા માટે નિર્દેશિત છે. કુલ મળીને, AidData રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ચીને 2000 થી 2023 સુધી વિશ્વભરમાં 2 ટ્રિલિયન ડોલરથી વધુનું ધિરાણ આપ્યું છે, જે અગાઉના સૌથી વધુ અંદાજો કરતાં બમણું છે અને ચીનના ઉદયના લાંબા સમયથી વિશ્લેષકો માટે પણ આશ્ચર્યજનક છે. અને શ્રીમંત દેશોને મોટાભાગનું ધિરાણ મહત્વપૂર્ણ ખનિજો અને હાઇ-ટેક સંપત્તિઓ પર કેન્દ્રિત હતું - ફાઇટર જેટ, સબમરીન, રડાર સિસ્ટમ્સ, ચોકસાઇ-માર્ગદર્શિત મિસાઇલો અને ટેલિકોમ નેટવર્ક માટે જરૂરી દુર્લભ પૃથ્વી અને સેમિકન્ડક્ટર. ભૂતપૂર્વ પ્રમુખ બાઇડન અને ટ્રમ્પ બંનેના શાસનકાળમાં અમેરિકા એક દાયકા કરતાં વધુ સમયથી આ ઢોલ વગાડી રહ્યું છે કે બેઇજિંગ એક શિકારી ધિરાણકર્તા છે એમ એઇડડેટાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બ્રેડ પાર્ક્સે જણાવ્યું હતું. જો કે વિડંબના ખૂબ જ મોટી છે, ચીને અમેરિકાની કંપનીઓમાં ઘણા પગ ફેલાવ્યા છે એ મુજબ તેઓ કહે છે. અત્યાર સુધી, ચીનના ધિરાણનો સંપૂર્ણ હિસાબ ક્યારેય પ્રકાશિત થયો નથી કારણ કે મોટાભાગનો ધિરાણ ગુપ્તતાના સ્તરો હેઠળ દટાયેલો છે, શેલ કંપનીઓ દ્વારા ઢંકાયેલો છે અને આંતરરાષ્ટ્રીય ડેટાબેઝ દ્વારા સામાન્ય ખાનગી ધિરાણ તરીકે ખોટી રીતે લેબલ કરવામાં આવ્યો છે. ચીન એક ખંધો દેશ છે, જે વિશ્વના ગરીબ અને નાના દેશોને તો પોતાની જાળમાં ફસાવે જ છે પરંતુ અમેરિકા જેવી મહાસત્તાને પણ કેવી રીતે ચકમો આપી શકે છે તે આના પરથી સમજી શકાય છે.

## મહાત્માનો ઉપદેશ

એક બાપ દીકરો ચોર હતા, પિતાએ દીકરાને ચોરી કરવાની કળા શીખવી હતી અને સાથે શીખ આપી હતી કે કોઈ દિવસ ભૂલથી પણ કોઈ સંત મહાત્માના ઉપદેશને સાંભળવાનો નહીં. કાનમાં આંગળી નાખી ત્યાંથી પસાર થઇ જવું. એક દિવસ યુવાન દીકરો ચોરી કરવા નીકળ્યો, રસ્તામાં એક મહાત્માજીનું પ્રવચન ચાલી રહ્યું હતું, યુવાન દીકરો એક શબ્દ પણ કાને પડી ન જાય તે માટે કાનમાં આંગળી નાખી જઈ રહ્યો હતો અચાનક તેને ઠોકર વાગી અને તે નીચે પડી ગયો ત્યારે તેના કાનમાં મહાત્માજીના ઉપદેશના બે વાક્ય પડી ગયા. 'હંમેશા સાચું બોલવું અને જેનું અન્ન ખાધું હોય તેનું ખરાબ કરવું નહીં. જે લોકો આમ કરે છે તેને ભગવાન હંમેશ સુખી રાખે છે.' તે ઊભો થયો અને આગળ કઈ સાંભળ્યા વિના રાજાના મહેલમાં ચોરી કરવા પહોંચી ગયો. મહેલમાં કઈ બાજુથી પ્રવેશ કરવો તે જોઈ રહ્યો હતો ત્યારે એક પહેરેદારે પૂછ્યું, 'તું કોણ છે? ક્યાં જાય છે? યુવાન ચોરે મહાત્માજીના ઉપદેશના બે વાક્યની અસર હેઠળ વિચાર્યું, કે આજે સાચું જ બોલી દઉં તેણે પહેરેદારને કહ્યું, 'હું એક ચોર છું અને મહેલમાં ચોરી કરવા જાઉં છું.' આવો વિચિત્ર જવાબ સાંભળી પહેરેદાર હસવા લાગ્યો તેને લાગ્યું કે કોઈ ચોર હોય તો આમ સાચું થોડો બોલે નક્કી કોઈ નોકર હશે મજાક કરી રહ્યો હશે એટલે તેણે કહ્યું, 'ઠીક છે જા' ચોર મહેલમાં ગયો અને ખજાનામાંથી બે થેલા ભરી લીધા. તે બહાર જઈ રહ્યો હતો ત્યારે રસોઈઘરમાંથી વિવિધ પકવાનોની સોડમ આવી તે ત્યાં ખેંચાયો, અનેક પ્રકારના ભોજન ત્યાં હતા અને કોઈ હતું નહીં એટલે તેણે પેટ ભરીને ભોજન કર્યું અને પછી થેલા ઉઠાવીને નીકળ્યો ત્યારે તેને ફરી મહાત્માજીના શબ્દો યાદ આવ્યા કે જેનું અન્ન ખાવ તેનું ખરાબ કરવું નહીં. એટલે તેને મનમાં વિચાર્યું હમણા જ રાજાનું અન્ન ખાધું છે એટલે હવે અહીં ચોરી કરવી નથી. એટલે તે બે થેલા ત્યાં જ છોડીને બહાર નીકળી ગયો. ચોકીદારે પૂછ્યું, 'કેમ ચોરી ન કરી?' યુવાન ચોર સાચું બોલ્યો, 'રાજાનું અન્ન ખાધું એટલે ચોરી કરવાનું માંડી વાળ્યું.' ત્યાં જ મહેલમાંથી અવાજ આવ્યો કે કોઈએ ખજાનામાંથી ચોરી કરવાની કોશિશ કરી છે ચોરને પકડો પકડો. એટલે ચોકીદારે ચોરને પકડી લીધો અને તેને રાજા પાસે લઇ જઈ બધી વાત કરી. રાજાએ પૂછ્યું, 'કોઈ આમ સાચું બોલી કહે કે ચોરી કરવા જાઉં છું અને અન્ન ખાધું એટલે ચોરીનો માલ મુકીને આવી ગયો છું. તું ચોર છે કે પાગલ.' ચોરે મહાત્માજીનો ઉપદેશ કઈ રીતે કાને પડ્યો અને તેને તે બરાબર અનુસર્યો તે બધી વાત કરી કે હું સાચું બોલ્યો અને તમારું અન્ન ખાધું એટલે ચોરીનો માલ છોડી દીધો.' રાજા આ સાંભળી ગુસ્સે થવાને સ્થાને ખુશ થયા યુવાનને મહેલમાં કામ આપ્યું. યુવાન ચોર પિતા પાસે ગયો ને કહેવા લાગ્યો, 'પિતાજી તમે જિંદગી આખી કહ્યું કોઈ મહાત્માજીનો ઉપદેશ સાંભળવો નહીં પરંતુ આજે મેં બે વાક્ય સાંભળ્યા અને તે પ્રમાણે કર્યું તો મને રાજમહેલમાં કામ મળી ગયું.' સંતજનના શબ્દો જીવન બદલી નાખે છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# નફાખોર ઈજારાશાહી અને સરકારની જવાબદારી

## કહેવાની વાત

**નેહા શાહ**

> **ઉડ્ડયન જેવી પાયાના સેક્ટરમાં એક કંપનીના હાથમાં ૬૪ ટકા જેટલા બજારનો કબજો હોય તો સરકારે પહેલા જ ચેતી જવું જોઈએ અને વાતાવરણ વધારે સ્પર્ધાત્મક બનાવવા માટે પગલાં લેવા જોઈએ**

બજારનું માળખું ત્યારે શ્રેષ્ઠ પરિણામ આપે જ્યારે બજારમાં સ્પર્ધા હોય. જ્યારે એક કંપની અથવા મુઠ્ઠીભર કંપનીનું સમગ્ર બજારમાં રાજ હોય અને કંપની રાજાની માફક વર્તન કરે ત્યારે ગ્રાહકના કલ્યાણ સાથે સૌથી વધુ બાંધછોડ થાય. ઈજારાશાહીના પ્રશ્ન શું હોઈ શકે એનો સાક્ષાત્કાર ઈન્ડિગો એરલાઈન્સની તાજેતરની કટોકટીથી થયો.

અઠવાડિયા જેટલી લાંબી ચાલેલી અરાજકતા માટે ફ્લાઈટની ફરજ સંબંધી સમય મર્યાદા નક્કી કરતા નવા નિયમો જવાબદાર છે - જેનો અમલ નવેમ્બર મહિનામાં શરૂ કરવાનો હતો. ભારતમાં પાયલોટના કામ કરવાના કલાક સબંધી નિયમો આંતરરાષ્ટ્રીય ધોરણો કરતા ઘણા વિપરીત છે. થાકેલા પાયલોટ વધુ કામ કરે તો અકસ્માતનું જોખમ પણ વધે. પાયલોટનું સંગઠન - ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલોટ તરફથી વારંવાર રજૂઆત થયા બાદ અને સંલગ્ન પક્ષોના અભિપ્રાય સમજ્યા બાદ અને આંતરરાષ્ટ્રીય ધોરણોને ધ્યાનમાં રાખતા સરકારે મે-૨૦૨૪ માં પાયલોટનાં કામ કરવાના કલાક અંગે નિયમો બદલ્યા. બધી એરલાઈન્સને એનું પાલન કરવા માટે એક વર્ષથી વધુ સમય મળ્યો હતો. એકાદ એક્સ્ટેન્શન પછીની આ તારીખ હતી. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં અમલીકરણ કરવાનું હતું. ઈન્ડિગો સિવાયની કંપનીઓએ શરૂઆતમાં વધારે સમય માંગ્યો પણ નવેમ્બર ૨૦૨૫ સુધી અમલ કરવામાં તેમને ખાસ વાંધો ન આવ્યો, પણ ઈન્ડિગો પાછળ પડ્યું. નવા નિયમો પ્રમાણે પાયલોટે કામના કલાક ઘટાડ્યા તો ફ્લાઈટ રદ કરવી પડી. બે થી અઢી લાખ મુસાફરો અટવાઈ પડ્યા, અન્ય એરલાઈન્સે પોતાના ભાડામાં દસ ગણા જેટલો તોતિંગ વધારો ઝીંક્યો અને રાતોરાત મુખ્ય રૂટ પરની ટ્રેનમાં ડબ્બા વધારવા પડ્યા. આ ઘટનાને શું કહીશું? મોટી કંપનીની બેજવાબદારી, બિનકાર્યક્ષમતા, અહંકાર, કે પછી રાજકીય સાઠગાંઠમાંથી જન્મતો આત્મવિશ્વાસ?

ભારતનું ઉડ્ડયન ક્ષેત્રમાં નફા સાથે સાતત્ય પૂર્ણ ધંધો કરવો ખૂબ મોટો પડકાર છે. ખૂબ મોટા મૂડી રોકાણ ઉપરાંત ઈંધણનો તેમજ બાકીના ઓપરેશનનો ખર્ચ વધતો જાય છે, પણ સામે ટિકિટના ભાવ વધારી શકાતા નથી, કારણ કે, ગ્રાહકનો મોટો હિસ્સો મધ્યમ વર્ગમાંથી આવે છે, જે કિંમત પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. ઘણી વાર તો ગ્રાહકને આકર્ષવા એરલાઈન્સ કંપની કિંમત યુદ્ધ પર ઊતરી જાય છે. ઈન્ડિગોનો વૃદ્ધિ દર પણ ખૂબ ઝડપી રહ્યો છે - વિશ્વમાં સૌથી વધુ સીટ કેપેસિટીમાં બીજો નંબર અને દૈનિક ઉડાનના હિસાબે સાતમો. સમય પર પહોંચાડવા માટે પણ ઈન્ડિગોનું પ્રદર્શન ઘણું સારું છે. આટલી કાર્યદક્ષતા સાથે એનો નફો પણ સાતત્યપૂર્ણ રહ્યો છે, જેને માટે એની ખર્ચ ઘટાડવાની વ્યૂહરચના જાણીતી છે. એક જ કંપનીના એક સરખા વિમાન વાપરી ઈન્વેન્ટરીનો ખર્ચ ઘટાડવો, એન્જિનિયર, પાયલોટ અને ક્રુ સભ્યોની તાલીમ માટે થતો ખર્ચ ઘટાડવાનો ફાયદો એણે મેળવ્યો છે. તેમજ એક રૂટના સ્ટાફને જરૂર પડ્યે બીજા રૂટ પર આસાનીથી મોકલી શકાય. આ ઉપરાંત વિમાનમાં ઈંધણના વપરાશ માટે વજનનું મહત્ત્વ હોય છે. એક અંદાજ પ્રમાણે ઈન્ડિગો વજનને નિયંત્રણમાં રાખીને વર્ષના આશરે ૨૯૨ કરોડ રૂપિયા બચાવે છે. આ વ્યૂહરચના ખરેખર કાબિલે તારીફ છે. અહીં એ ભૂલવું ના જોઈએ કે પ્રતિ વિમાન-પાયલોટનો ગુણોત્તર ઓછો રાખવો એ પણ ઈન્ડિગોની ખર્ચ ઘટાડવાની વ્યૂહરચનાનો ભાગ છે.

નફાની ગણતરીએ મપાતી બિઝનેઝની સફળતામાં કંપનીના કર્મચારીઓના કલ્યાણમાં થતી બાંધછોડ, જેની સીધી અસર યાત્રીઓની સુરક્ષા પર પણ પડે છે - જે આ કંપનીને નફાખોરની શ્રેણીમાં મુકે છે. આજે જ્યારે આ કટોકટી સર્જાઈ છે ત્યારે સૌનું ધ્યાન એ દિશામાં ગયું.

દરેક દેશમાં ઈજારાશાહીને રોકવા કે નિયંત્રિત કરવા માટે કાયદા છે. ભારતનો કોમ્પિટીશન એક્ટ સરકારને ઈજારાને અને એની નફાખોર વૃત્તિને કાબૂમાં રાખવા સત્તા આપે છે. ઉડ્ડયન જેવી પાયાના સેક્ટરમાં એક કંપનીના હાથમાં ૬૪ ટકા જેટલા બજારનો કબજો હોય તો સરકારે પહેલા જ ચેતી જવું જોઈએ અને વાતાવરણ વધારે સ્પર્ધાત્મક બનાવવા માટે પગલાં લેવા જોઈએ. કારણ કે, કોઈ નાની ચૂક પણ આખું બજાર ગબડાવી શકે છે.

આ ઉપરાંત નવા નિયમોનો અમલ સમયસર થઈ શકે એ માટે ઈન્ડિગો જેવી તોતિંગ કંપનીએ પાછલા છ મહિનામાં કેટલી તૈયારી કરી એ અંગે નાગરિક ઉડ્ડયનનાં મહાનિર્દેશકે શું દેખરેખ રાખી એ અંગે કોઈ સ્પષ્ટતા જ નથી. સરકારે કદાચ ધારી લીધું કે નિયમ બનવાયા એટલે દરેક કંપની આજ્ઞાંકિત થઈને એનું પાલન કરી જ લેશે. જો એ પાલન ના કરે તો શું થાય એનો વિચાર નાગરિક ઉડ્ડયન વિભાગે કર્યો હતો?

હું આ પ્રશ્ન આખું મંત્રાલય ચલાવતા મંત્રી અને એમના અધિકારીઓને સહજ રીતે થવો નાં જોઈએ? ઈન્ડિયન એક્સપ્રેસનો એક રીપોર્ટ કહે છે કે ઈન્ડિગોના ૨૦૨૩-૩૪ તેમજ ૨૪-૨૫ના વાર્ષિક અહેવાલમાં નવા નિયમોને કારણે કંપનીના વેપાર પર પડી શકવાની અસરનો કોઈ ઉલ્લેખ જ નથી. આટલી તપાસ જો સરકારે આગોતરી કરી હોત તો ઈન્ડિગોના બિનજવાબદાર વર્તનને કાબૂમાં રાખી શકાયું હોત અને આ હાલાકી ઊભી થઈ ના હોત. કટોકટી ટાળવા અત્યારે લેવાયેલા પગલામાં ના તો કર્મચારીનું કલ્યાણ સચવાયું ના મુસાફરોની સલામતી!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વ્યાપક અરાજકતાની હકીકત સ્વીકારો : કાયદાનું પાલન કરાવશો તો અરાજકતા સર્જાશે

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **હવે સ્થિતિ એવી વકરી છે કે જો ભુલમાય કાયદા પાળવાનું શરૂ થાય તો વ્યાપક અંધાધૂંધી થાય. જાહેર જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં કાયદા મુજબ બધું ચાલતું હોય. છેલ્લા વર્ષોમાં હાલત સાવ પાતળી થઈ ગઈ છે અને અરાજકતાનો સૌ સાથે મળીને લાભ લે છે**

'ભાજપ ક્યારે હારશે?' 'જ્યારે તે કાયદાનું કડક રીતે પાલન કરવવાનું શરૂ કરશે'

આ માત્ર વાર્તાલાપ નથી, લગભગ હવે નક્કર હકીકત છે. કેટલાક હજુ માને છે કે ભાજપ હિન્દુત્વના સહારે જીતે છે. ના એ તો ચૂંટણી પ્રચારનો એક અગ્રણી મુદ્દો છે. ભાજપ સતત જીતે છે એનું કારણ છે કે તે ક્યાય નિયમન કરતો નથી. કાયદાના શાસનની હાજરી દેખાતી નથી. વેપારીઓ, સ્કૂલ માલિકોથી માંડીને એરલાઈન કંપનીઓ કોઈને કાયદાનો ડર નથી. ઉપરવાળા નીચે વાળાને લુંટે છે અને નીચેવાળા એની નીચેવાળાને લુંટી શકે છે. આર્થિક અરજકતામાં કરોડોની કમાણી છે અને જવાબદારી શૂન્ય છે. જ્યાં સુધી આ ચાલશે છે ત્યાં સુધી કોઈને સત્તા બદલવાનું મન થતું નથી. પ્રજાને વ્યાપક અરાજકતાની એવી ટેવ પાડી દેવામાં આવી છે કે જો સરકાર સહેજ કાયદો પાલવે તો તરત પ્રજા જ બોલી ઉઠે છે કે રહેવા દો કાયદો નથી પાળવો. વળી બધું બહુ સિસ્ટેમેટિક ચાલે છે. આ સમજવા માટે ખાસ નિસ્બત જોઈએ. જેમ કે ટ્રાફિકના અનેક નિયમો છે અને શટલ રીક્ષાથી માંડી ગેરકાયદે પાર્કિંગ દબાણો, ઓવર સ્પિડિંગ, ફોન પર વાત કરતા વાહન ચલાવવું વગેરે બાબતે સત્તાવાળા ધારે તો કડક પગલા લઈ જ શકે અને પ્રજા એનો વિરોધ પણ ના કરે ઉલટાની સપોર્ટ કરે પણ, ના. પોલીસ માત્ર હેલ્મેટ અને સીટ બેલ્ટનો જ નિયમ પાલવશે અને એ તે પાલન એકદમ. પહેલા બિલકુલ બેફામ બધું ચાલવા દેવાનું અને પછી અચાનક એક બે દિવસ માટે કડક અમલવારી કરવાની એટલે લોકો બોલે જ કે બીજા કાયદા પળાવો, એકલા હેલ્મેટ પાછળ કેમ પડ્યા છો?

ખાનગીકરણ અને ઉદારીકરણ બાદના ત્રીસ વર્ષમાં ગુજરાતમાં તમામ ક્ષેત્રોમાં સરકારના અને અધિકારીઓના મળતીયાઓએ જ ધંધા શરૂ કર્યા છે અને ક્યાંય કાયદાઓનું નિયમન નથી.

ધારો કે સરકાર નક્કી કરે કે આજથી જ કાયદાનો કડક અમલ થશે. કોઈને બક્ષવામાં નહીં આવે તો? ગુજરાતના મોટા તમામ શહેરોમાં બંધાતા બહુમાળી મકાનમાં બાધકામ મંજૂર થયેલા પ્લાન મુજબ હોતું નથી એટલે હજારો ઘર તોડવાનો વારો આવે, અનેક બાંધકામો તો આમ પણ ગેરકાયદે છે જ જેના સમાચારો છાપામાં ચમકતા રહે છે. 'આ પરિવારો હવે ક્યાં જશે?' - આવા સમાચારો દ્વારા બિલ્ડરો સામાન્ય પ્રજાને કાયદાના તંત્રની સામે ઊભા કરી દે છે.

દેશમાં અનેક ખાનગી યુનિ અને સ્કૂલ-કોલેજો ખુલી છે, જેમાંની મોટા ભાગની સ્કૂલ-કોલેજ કે યુનિ ખોલવાના નિયમો પાળતી નથી. તમામને નિયમ અનુસાર વેતન ચૂકવવા અને યોગ્ય સ્ટાફની ભરતી કરવાની શરતે મંજૂરી મળી છે જો કાયદાનું પાલન થાય તો નેવું ટકા સંસ્થાઓ માત્ર એ મુદ્દે જ ગેર કાયદે ઠરે કે તેની પાસે સ્ટાફ પણ નથી અને વેતન પણ ચૂકવાતું નથી.

દેશમાં નોટબંધી પછી કેશલેશની વાહવાહી છે. દર બે મહિને સમાચાર આવે છે કે આટલા કરોડનું UPI ટ્રાન્ઝેક્શન થયું, પણ સૌ જાણે છે કે દેશમાં પાણીપુરીમાં કેશલેશ ચુકવણી થાય છે અને સ્કૂલ-કોલેજ દવાખાનામાં રોકડા બંડલ ચૂકવાય છે. બિલ્ડર લોબી આજે પણ 60 ટકા ચેકથી અને 40 ટકા રોકડા માંગે છે. સરકાર જે દિવસે કડક અમલ કરે કે બધુ જ પેમેન્ટ ચેકથી જ! સરકાર જ તૂટી પડે!

દેશમાં ઈન્ડિગો એરલાઈન્સનું નેટવર્ક ખોરવાયું, લાખો મુસાફરો અટવાયા એનું પ્રથમ કારણ સરકારે વિમાન ક્રુ માટે અઠવાડિક બ્રેકનો નિયમ બનાવ્યો તે છે. હવે આ એક નિયમ એરલાઈન્સને પાળવો નથી માટે તેને પ્રજાને બાનમાં લઈ અફરતફરી થવા દીધી. જો આવું જ રેલ્વેના સ્ટાફે કે બસના યુનિયને કર્યું હોટ તો સરકારે કાયદાનો કડક અમલ કરી સૌને સસ્પેન્ડ કર્યા હોત, સજા કરી હોત. ન્યાયાલયે પણ જાહેર નાગરિક સેવામાં વિક્ષેપ માટે ઉપદેશ આપ્યા હોત પણ આતો એરલાઈન અને તે પણ સરકારની માનીતી એટલે કાઈ થયું નથી. જરા નિરાતે બેસો અને વિચારો કે મલ્ટીપ્લેક્ષમાં ભાવથી મંદી સ્કૂલની ફી સુધી કે જાહેર દબાણોથી માંડી રસ્તે રખડતા પશુ સુધી કોઈ જગ્યા એ સરકાર કડક રીતે કાયદો પાલવે છે ખરી? અને પછી જ્યારે અચાનક શુકન પુરતો કાયદો પાળવાનો પ્રયત્ન થાય છે ત્યારે એરપોર્ટ પર થઈ તેવી જ અફર તફરી બધે થાય છે અને લોકો જ કહે છે કે સાહેબ રહેવા દો અમને કાયદામાં જીવવાનું નહીં ફાવે! માટે જ આ અરાજકતા સ્વીકારી લો, કાયદો પાળવવા જશો તો તો વ્યાપક અરાજકતા ફેલાશે. આ શાસકોની સફળતા જ શાસન નહીં કરવામાં રહેલી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ઈન્ડિગો ક્રાયસિસ એક અસામાન્ય ઘટના

ફ્લાઈટો કેન્સલ થવાના સમાચાર નવાઇ પમાડે છે. આ સમાચારો વાંચતા વિચાર આવે છે કે અન્ય કોઇ દેશમાં આવી ઘટના બનતી હશે ખરી? આવું થવા પાછળના શક્ય કારણો જોઇએ તો ઇન્ડિગોનો આપણા દેશના એવિએશન માર્કેટમાં સૌથી વધુ ૬૫% નો શેર છે. બાકીના ૩૫%માં ટાટા સહિતની અન્ય એરલાઇન્સોનો સમાવેશ થાય છે.

ડીજીસીએના નિયમ મુજબ પાયલોટને બે લેન્ડીંગ વચ્ચે છત્રીસ કલાકનો બ્રેક આપવો જોઇએ જેમાં બે રાત આવી જાય છે. આ નિયમો પાયલોટોની કાર્યક્ષમતા પર આડ અસર થતા કોઇ દુર્ઘટના ન સર્જાય એ માટે કરવામાં આવ્યો હોઇ શકે. જે વર્ષોથી અમલમાં હતો જે નિયમામાં ફેરફાર કરાવવા ઇન્ડિગોએ ચાર નાઇટની પરમીશન માંગેલ જે મળતા ઘણાં પાયલોટો કામનું દબાણ વધતા કોઇ દુર્ઘટનાના બનાવ બનવાની શક્યતાના ભયે નબળી તબિયત કે માંદગીનું કારણ બતાવી રજા પર ઉતરી ગયેલ જે કારણે ફ્લાઇટો કેન્સલ થઇ હોઇ શકે. આ સમગ્ર ઘટનામાં એરલાઇન્સના કર્તાહર્તાને સવાલો કરવાને બદલે કોઇપણ જાતની તલસ્પર્શી તપાસ કે કાયદેસરની કાર્યવાહી થયા પહેલા જ પાયલોટોને દોષી ઠેરવવાની કોશિશ થતી હોય એવું લાગે છે. શું એ શક્યતા ન હોઇ શકે કે ઇન્ડિગોની આ ક્ષેત્રે એકાધિકાર જેવી પરિસ્થિતિને કારણે કે અન્ય કોઇ અગમ્ય કારણસર તો તાત્કાલિક એરલાઇન્સના કર્તાધર્તા સામે કોઇ કાર્યવાહી ન થઇ હોય?

**પાલ, સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

### વિદેશી પક્ષીઓ અને ચણ

શિયાળાની ઋતુની શરૂઆત થાય એટલે પ્રવાસી પંખીઓનું આપણા પ્રદેશ તરફ આગમન થાય છે. સુરતમાં પણ પ્રવાસી પક્ષીઓમાં ખાસ કરીને સીગલ પક્ષીનો સમાવેશ થાય છે. આ પક્ષીઓ હજારો કિલોમીટરની યાત્રા કરીને સાઇબીરિયા, રશિયા, યુરોપ તથા મધ્ય એશિયાના ઠંડા વિસ્તારોમાંથી ગુજરાતના દરીયા કિનારે આવે છે.

આ પક્ષીઓનો મુખ્ય આહાર માછલી, ઝીંગા તથા દરિયાઇ જીવજંતુઓ છે. માનવીય ખોરાક ખાસ કરીને તેલ મસલાવાવાળા નાસ્તા ખાવાથી તેઓના પાચનતંત્ર પર ગંભીર અસર થાય છે. કિડની ફેલ થાય છે તેમજ શરીરમાં પાણીની ઉણપ થાય છે અને ધીમે ધીમે તેનું મરણ નિશ્ચિત બની જાય છે. આ ઉપરાંત આવા ગાંઠિયા તથા તળેલા નાસ્તા ખાવાથી તેઓની શિકાર કરવાની, ઉડવાની તથા પ્રજનની ક્ષમતા પર પણ અસર પડે છે.

વિવેકાનંદ પુલ પરથી જો તમે પસાર થાવ ત્યારે પુલની પાળી પર ઢગલેબંધ ગાંઠિયા, બિસ્કીટ, ચિપ્સ અને બ્રેડના ટુકડા જોવા મળશે. આવુ કરતા લોકોને ખાસ વિનંતી કે આવો ખોરાક વિદેશી પક્ષીઓને ખવડાવો એના આરોગ્ય સાથે રમત ન રમો. આ કરવાથી આપણને સૌને વિદેશી પક્ષીઓને જોવાની જે મજા આવે છે તેમાં ઓટ આવશે અને એમ પણ બને કે તેઓ આવતાં જ બંધ થઇ જાય.

**અડાજણ, સુરત- શીલા સુભાષ ભટ્ટ**

### સુરતમાં શેરીના નાકે ફાયર સેફટી

આગ લાગે ત્યાંરે કૂવો ખોદવો' એ ઉક્તિ તળ સુરતને લાગુ પડતી નહીં હતી. વર્ષો પહેલા કોટ વિસ્તારમાં ફાયર બ્રિગેડની સુવિધા સાથે બે ચાર શેરીના નાકે પાણી પુરવઠાની એક કુંડી હતી, જેમાં તે વિસ્તારમાં પાણી બંધ ચાલુ કરવા કોક મુકવામાં આવેલો. જે પાણીના સમય મુજબ ચાલુ બંધ કરવામાં આવતો. જે વિસ્તારમાં મોટી ભયાનક આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડને પાણીની અછત વર્તાય ત્યારે શેરીના નાકે મુકેલા કોકમાંથી મોટા પાઇપ દ્વારા પાણી લેવામાં આવતું અને આગ પર કાબૂ મેળવાતો. મોટી આગ લાગે ત્યારે વોટરવર્કસમાંથી તે વિસ્તારનો પાણી પુરવઠો ચાલુ કરવામાં આવતો હતો. સુરતીઓના ઘરે કસમયે પાણી આવે એટલે સમજી જતા કે ક્યાંક મોટી આગ લાગી છે. (કોઈ પ્રકારનો ફાયર ચાર્જ વેરા બીલમાં લેવામાં આવતો ન હતો) સુરતીઓ ફાયર બ્રિગેડની ગાડીને 'બંબો' કહેતા હતા.

આગ લાગે ત્યારે લાલ કલરના બંબો ઘંટા વગાડતા રસ્તામાંથી પસાર થતો. બંબાની પાછળ એક કાળા કલરનું બોર્ડ હોય તેની ઉપર ક્યાં વિસ્તારમાં આગ લાગી છે તે લખવા આવતું હતું. એ બોર્ડ પર નજીકના સ્થળનું નામ હોય તો સુરતીઓ કામ ધંધો બંધ કરી બંબાની પાછળ આગ જોવા દોટ લગાવતા!

**સલાબતપુરા, સુરત. -કિરીટ મેઘાવાલા**

### નશા મુક્ત ગુજરાત ક્યારે બનશે?

સુરતના વેસુમાં અન્ય વેપારને બહાને થાઈલેન્ડથી ગાંજો મંગાવી વેચનાર ઝડપાયો. તો એ જ વેસુમાં હિમાચલ પ્રદેશથી લવાયેલું ચરસ ઝડપાયું! આ ચરસ અને ગાંજો સ્કૂલ-કોલેજોના ટીનએજર્સને શહેરની ચાની દરેક લારીઓ ઉપરથી સહેલાઈથી ઉપલબ્ધ છે! જૂનાગઢના શીલો ખાતેથી વિદેશી દારૂ ઝડપાયો તો રાજકોટના રૈયારોડ ઉપર ટુ વ્હીલરમાંથી દેશી દારૂની પોટલીઓ રોડ ઉપર પડી અને બુટલેગરો તે એકઠી કરી ચાલી ગયા! મોડાસામાંથી અંદાજે નવ લાખનો ગાંજો ઝડપાયો, તો સુરતની ઐતિહાસિક ઓળખ એવો ગાંધીબાગ આજે 'ડ્રગ્સ હબ' બની ગયું છે! ગુજરાતની મેટ્રો સીટીઓમાં જે 'હીટ એન્ડ રન'ના કેસો બને છે તેમાં મોટા ભાગના કેસો 'ડ્રીંક એન્ડ ડ્રાઈવ'ના હોય છે અને એમાં નબીરાઓ, નેતાઓ અને પોલીસકર્મીઓ જ પકડાય છે! હવે બતાવો છે ગુજરાતમાં દારૂબંધી? ગુજરાતના પ્રત્યેક શહેરોમાં નશાની તમામ ચીજો આસાનીથી ઉપલબ્ધ છે! ભાજપાના ટોચના વરિષ્ઠ અને સંનિષ્ઠ નેતાઓએ પણ આ બાબતે જાહેરમાં નિવેદનો કરી બળાપો વ્યક્ત કર્યો છે! ત્યારે ગુજરાતના ગૃહમંત્રી સામે આનાથી વધુ ક્યા પુરાવા હોઈ શકે કે ગુજરાતમાં દારૂબંધી એ માત્ર 'ફારસ' છે અને એ માત્રને માત્ર હપ્તા પ્રથાને લીધે જ ચાલે છે, એટલે જો ગુજરાતમાં દારૂ બંધ કરવો હોય તો પોલીસવડામાં તળિયા ઝાટક ફેરફારો કરવા જરૂરી છે! શું ગૃહમંત્રી આ કરી શકશે?

**સુરત - ભાર્ગવ પંડ્યા**

### જાપાન: ઉંમરલાયક વ્યક્તિઓનું સ્વર્ગ કેમ?

2025નાં અંદાજ મુજબ શતાયુ જાપાનીઓની સંખ્યા 1,23,330 છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. વિશ્વમાં કુલ શતાયુની સંખ્યા આશરે 6,29,700 છે. જાપાનના લોકો વધારે પડતું તણાવ વાળું જીવન જીવતા નથી. જાપાનના લોકો કાળજી રાખનારો વર્ગ છે એટલે કે કેરીંગ કોમ્યુનિટી છે. જ્યાં વૃદ્ધોને એકલા છોડી ન દેતા તેની પૂરી કાળજી રાખવામાં આવે છે. જાપાનના લોકો અન્ય દેશોની તુલનામાં વધારે ઉંમર સુધી કામ કરે છે અને સતત સક્રિય રહે છે.

જાપાનની સરખામણીમાં આપણા ભારત દેશની વાત કરીએ તો 140 કરોડની વસ્તી ધરાવતા ભારતમાં 100 વર્ષથી વધુ ઉંમર ધરાવતા લોકોની વસ્તી ફક્ત 27,000 ની છે. જાપાનના લોકો મોટાભાગે ફળ અને શાકભાજી આરોગે છે. શરીરને નિયમિતપણે સક્રિય રાખે છે. કસરત કરે છે. જાપાનમાં સ્થૂળતા દર ખૂબ ઓછો છે. ખાસ કરીને સ્ત્રીઓમાં સ્થૂળતાનો દર ઓછો છે. અમેરિકા અને યુરોપના વૃદ્ધ લોકો કરતા એ વધુ ચાલે છે. અને જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે. અને ખુશીમાં જીવન જીવે છે. તો આવો આપણા ઘરના ઉંમરલાયક સભ્યોને આ વાત સમજાવીએ. તંદુરસ્ત અને ખૂશી જીવન જીવે જેથી પરિવારમાં આનંદ છવાઈ રહે.

**મોટા વરાછા સુરત - યોગેન્દ્ર પટેલ**